### તારાપુર-વટામણ હાઇવે પર કાળમુખો અકસ્માત : બે માસૂમ બાળકો સહિત ચારના કરૂણ મોત

# તારાપુરમાં ટ્રક પાછળ ટેમ્પો અથડાતાં 4ના મોત

**ફતેપુરા પાટિયા પાસે** સર્જાયેલી ચીસાચીસ વચ્ચે 15થી વધુ શ્રમિકો ઈજાગ્રસ્ત

(પ્રતિનિધિ) આણંદ તા.11

તારાપુર-વટામણ હાઈવે પર સોમવાર વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ફતેપુરા સીમમાં સીએનજી પેટ્રોલ પંપ નજીક રોડની સાઈડમાં ઉભેલી એક ટ્રકની પાછળ પૂરપાટ ઝડપે આવતી મારૂતિ સુઝુકી કેરી (પિકઅપ વાન) ધડાકાભેર અથડાતા અરેરાટી વ્યાપી ગઈ હતી. આ કરૂણ દુર્ઘટનામાં બે નિર્દોષ બાળકો અને એક મહિલા સહિત કુલ 4 વ્યક્તિઓએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે 15 જેટલા શ્રમિકો લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ભેગા થયા છે.

આ ઘટનાની વિગત મુજબ, મધ્યપ્રદેશની ટ્રક (MP 37 GA 9261) ના ટાયરમાં હવા ચેક કરવા માટે ચાલક સુનીલકુમાર રાઠોરે વાહન સાઈડમાં ઉભું રાખ્યું હતું. આ દરમિયાન પાછળથી પૂરપાટ ઝડપે આવેલી મારૂતિ સુઝુકી કેરી (GJ 13 AW 8963) એ ઉભેલી ટ્રકને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે વાનનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. ડ્રાઈવરની બાજુમાં બેઠેલા એક પુરુષ, પાછળ ટ્રોલીમાં બેઠેલી આશરે 30 વર્ષીય મહિલા અને 12 વર્ષની બાળકીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે એક 8 વર્ષના માસૂમ બાળકે હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.



આ અકસ્માત થતા જ પિકઅપ વાનમાં સવાર શ્રમિકોની ચીસાચીસથી શાંત વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આસપાસના લોકો અને પેટ્રોલ પંપના કર્મચારીઓ તુરંત દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી. અંદાજે 15 જેટલા મુસાફરોને વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચી છે, જેમને 108 એમ્બ્યુલન્સ મારફતે તારાપુર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અલબત્ત, આટલી મોટી જાનહાનિ સર્જ્યા બાદ પિકઅપ વાનનો ચાલક મદદ કરવાને બદલે અંધારાનો લાભ લઈ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. તારાપુર પોલીસે આ મામલે ગુનો નોંધ્યો હતો. આ ઘટનાના પગલે મૃતકોના પરિવારજનો દોડી આવ્યાં હતાં.

## વીરપુરમાં બેફામ કારે બાઈક સવાર દંપતીનો જીવ લીધો

**અકસ્માતમાં** બે પુત્રોએ માતા-પિતાની છત્રછાયા ગુમાવી

(પ્રતિનિધિ) વીરપુર તા.11

મહિસાગર જિલ્લાના વીરપુર-લીમબડીયા હાઈવે પર સોમવારે એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ગંધારી ચોકડી નજીક પૂરપાટ ઝડપે દોડી આવેલી એક ઈકો ગાડીએ બાઈક સવાર દંપતીને જોરદાર ટક્કર મારતા બંનેના કરુણ મોત નીપજ્યા છે.

ગંધારી ગામના રહેવાસી ગીરીશભાઈ મણીલાલ સેવક (ઉ.વ.52) અને તેમના પત્ની રીટાબેન (ઉ.વ. 48) સોમવારના રોજ બાઈક પર સવાર થઈ લીમબડીયા ખાતે સારવાર માટે જઈ રહ્યા હતા. તે દરમિયાન ગંધારી ચોકડી પાસે બેફામ ગતિએ આવતી ઈકો ગાડીએ તેમના બાઈકને અડફેટે લીધું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો ગાડી બાઈકને આશરે 50 મીટર સુધી ઢસેડી ગઈ હતી. આ ગંભીર અકસ્માતમાં ગીરીશભાઈનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે રીટાબેને સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો હતો.

આ અકસ્માતમાં જીવ ગુમાવનારા દંપતી ત્રાકડી અને વખતપુર ગામના મંદિરોમાં પૂજા-પાઠ અને સેવા કરી જીવન ગુજારતા હતા. આ અકસ્માતે તેમના 18 અને 16 વર્ષના બે નિર્દોષ પુત્રોના માથેથી માતા-પિતાનો સહારો હંમેશા માટે છીનવી લીધો છે.

આ અકસ્માત સર્જ્યા બાદ ઈકો ચાલક ગાડી સાથે ફરાર થઈ ગયો હતો. વીરપુર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ફરાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## બેચરી ગામમાં પ્રેમલગ્નની અદાવતમાં સશસ્ત્ર ધીંગાણું

**બે જૂથો વચ્ચે** પથ્થરમારો અને હુમલો, 23 શખસ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.11

ઉમરેઠ તાલુકાના બેચરી ગામમાં રવિવારની રાત્રે પ્રેમલગ્નની જૂની અદાવતમાં બે પરિવારો વચ્ચે ભયંકર હિંસક અથડામણ સર્જાઈ હતી.

બેચરી ગામના યોગેશ ચૌહાણ અને કિંજલબેન સોલંકીએ કરેલા પ્રેમલગ્નની અદાવત ચાલી રહી હતી. આ અંગે રણજીતભાઈ સોલંકીની ફરિયાદ મુજબ, પાન-મસાલાની પિચકારી મારી ઈશારા કરવા બાબતે ઠપકો આપવા જતા સામા પક્ષના ચિરાગ ચૌહાણ સહિત 7 શખ્સોએ લાકડાના ડંડા અને ઈંટો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં કનુભાઈ ઉર્ફે લાલો સોલંકીને માથામાં ગંભીર ઈજા થતા નડિયાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

બીજી તરફ, ચિરાગકુમાર ચૌહાણે વળતી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, સોલંકી પરિવારના 16 સભ્યોએ એકસંપ થઈ લાકડી, ધારીયા અને પથ્થરો વડે તેમના ઘરમાં ઘૂસી હુમલો કર્યો હતો. આ ઝપાઝપી દરમિયાન સોનાની ચેઈન અને મોબાઈલ ફોન પણ પડી ગયા હોવાનો ઉલ્લેખ ફરિયાદમાં કરાયો છે. ઉમરેઠ પોલીસે બંને પક્ષે રાયોટીંગ અને મારમારીનો ગુનો દાખલ કર્યો છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર મુકેશકુમાર મહારાજ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## આણંદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યમાં હોદ્દેદારોની નિમણૂંકમાં સસ્પેન્સ સર્જાયું

**ગોડ ફાધરના નામોને** સ્થાન મળે છે કે પછી પ્રદેશ સંગઠન સંકલન કરીને પસંદગી કરે છે એના પર સૌની નજર

(પ્રતિનિધિ) આણંદ તા 11

આણંદ જિલ્લામાં 6 નગર પાલિકા અને 8 તાલુકા તેમજ જિલ્લા પંચાયતમાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની પસંદગી પ્રક્રિયા જીલ્લા કક્ષાએ ગત સપ્તાહે ચાલી હતી. ગોડ ફાધર જેવા આગેવાનોએ આપેલા નામોને સ્થાન મળે છે કે પછી સંગઠનના હોદ્દેદારોની ચર્ચાવિચારણાથી રજૂ થયેલામાંથી કે લાયક શિક્ષીત હોય એવાને સ્થાન આપે છે. એની સામે સૌની નજર મંડાયેલી છે.

આણંદ જિલ્લા, તાલુકા પંચાયતો અને મનપા, પાલિકાઓમાં પ્રમુખ સહિતના હોદ્દેદારોની પસંદગી માટે પ્રક્રિયા ગત સપ્તાહે ચાલી રહી હતી. હવે નજીકના સમયમાં જ મેયર ડેપ્યુટી મેયર, પ્રમુખ ઉપપ્રમુખ કમિટીના ચેરમેન માટે નિમણુંક માટે કામગીરી હાથ ધરવામાં આવનાર છે ત્યારે કયા વિસ્તારમાંથી કોનો કેવા સદસ્યોનો કયાં પદમાં સમાવેશ કરાય છે એનું ભારે સસ્પેન્સ ઘેરાયુ છે. આણંદ જિલ્લામાં અનેક જગ્યાએ રાજકીય આગેવાનોએ મેયર પ્રમુખ સહિતના હોદ્દેદારો માટે અંગતપણે સૂચના આપી છે.

### વર્ષે વિધાનસભાની ચૂંટણી ઉપર અસર થઇ શકે

આણંદ જિલ્લામાં આગામી વર્ષે સાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે. કરમસદ - આણંદ મહાનગરપાલિકા, છ નગરપાલિકા, આઠ પૈકી સાત તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયત શાસનમાં હાલ હોદાની પસંદગીમાં શિક્ષીત અને દરેક મોટી જ્ઞાતીઓના ઉમેદવારને યોગ્ય સ્થાન મળે તો એનો લાભ વિધાનસભાના ઉમેદવારોને પણ થઇ શકે છે તેવી શક્યતા જોવાઇ રહી છે. જેથી મેયર ડેપ્યુટી મેયર, પ્રમુખ ઉપપ્રમુખ ચેરમેન તરીકે નિમણૂક આપવામાં અનેક સમિકરણોને આધારે હોદ્દેદારોની વરણી કરવામાં આવે તેમ જણાઇ રહ્યું છે.

એમાથી સ્થાન મળે છે કે પછી સંગઠનની પસંદગી ઉપર મહોર લાગે છે. એની સામે સૌની નજર મંડાયેલી છે. ચુંટણીમાં ઘણીબધી બેઠકો પર જાહેર જીવનમાં અને સમાજમાં ઉપયોગી થાય પારદર્શક વહીવટ કરી શકે અને સરકારી નાણાનો વ્યય અટકાવી શકે એવા શિક્ષીત અને યુવા ચહેરાઓ જીતીને આવ્યા છે. જેમાં બિનહરીફ સદસ્યોનો પણ સમાવેશ થાય છે કે તેઓની સમાજમાં આગવી છબી અને સમાજ માટે કાઈક કરશે એવી આશા રાખીને લોકોએ આવી સ્પષ્ટ છબીવાળા સદસ્યો સામે કોઈ ઉમેદવારી ફોર્મ ન ભરી સીધા જ ચૂંટીને મોકલ્યા છે.

## અમીયાદ ગામમાં શિક્ષકના ઘરમાંથી 4.50 લાખ ચોરાયાં

**પરિવાર હોટલમાં** જમવા ગયો અને તસ્કરોએ તિજોરીની ચાવી શોધી હાથફેરો કર્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.11

બોરસદ તાલુકાના અમીયાદ ગામમાં રહેતા શિક્ષક જ્યારે પરિવાર બહાર જમવા ગયા હતા. તે સમયે અજાણ્યા શખ્સોએ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. 4.50 લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતાં.

અમીયાદ ગામના આઝાદ ચોક વિસ્તારમાં રહેતા પંકજભાઈ ગણેશભાઈ રોહિત, જેઓ વ્યવસાયે શિક્ષક છે, ગત શનિવાર તારીખ 9મી મે,2026ના રોજ રાત્રિના 9:00 થી 10:00 વાગ્યાના અરસામાં પરિવાર સાથે હોટલમાં જમવા ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ મકાનના પાછળના ભાગના રૂમનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

આશ્ચર્યજનક બાબત એ છે કે, તસ્કરોએ ચાલાકીપૂર્વક રૂમમાં રહેલા સ્ટીલના ડબ્બામાંથી તિજોરીની ચાવી શોધી કાઢી હતી અને લોખંડની તિજોરી ખોલી તેમાં રાખેલ સોનાનો ચેન, સોનાની પાટલી, બુટ્ટીઓ જેવી કુલ રૂ. 3,94,000ની કિંમતના સોના-ચાંદીના દાગીના તથા રૂ. 56,000ની રોકડ રકમની ચોરી કરી હતી. પરિવાર જ્યારે પરત ફર્યો ત્યારે ઘરનો સામાન વેરવિખેર જોઈ ચોરી થઈ હોવાનું જણાયું હતું. આ મામલે પંકજભાઈએ વિરસદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## SP યુનિ.માં 56 બિન-શૈક્ષણિક જગ્યા પર ભરતી પ્રક્રિયા સંપન્ન

**એક્ઝિક્યુટિવ** કાઉન્સિલની મંજૂરી મળતાં યુવાનોનું સરકારી નોકરીનું સ્વપ્ન સાકાર થયું

(પ્રતિનિધિ) આણંદ તા.11

સરદાર પટેલ યુનિવર્સિટીએ વહીવટી કાર્યક્ષમતા વધારવાના ઉમદા હેતુ સાથે વિવિધ 56 બિન-શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી છે. યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં આ ભરતીને સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી, જેનાથી આશાસ્પદ યુવાનોને સરકારી નોકરીની તક મળી છે. આ ભરતી પ્રક્રિયા અંતર્ગત જુનિયર ક્લાર્ક કમ ટાઈપિસ્ટ, સિનિયર ક્લાર્ક, સ્ટેટીસ્ટીકેલ આસિસ્ટન્ટ, વાયરમેન અને કમ્પાઉન્ડર જેવી વિવિધ કેડરની જગ્યાઓ ભરવામાં આવી છે. સમગ્ર પ્રક્રિયા અત્યંત પારદર્શી રીતે OMR પદ્ધતિથી લેવાયેલ લિખિત પરીક્ષા અને મેરિટના આધારે દસ્તાવેજ ચકાસણી દ્વારા સંપન્ન કરવામાં આવી છે.




સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા ઉમેદવારોના ગુણ પણ વેબસાઈટ પર જાહેર કરાયા હતા જેથી તેઓ સ્વયં ચકાસણી કરી શકે. જો કોઈ જગ્યા આગામી સમયમાં ખાલી પડશે, તો પ્રતીક્ષા યાદી (Waiting List) મુજબના ઉમેદવારોને તક આપવામાં આવશે. આ અંગે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સરદાર પટેલ યુનિવર્સિટી હંમેશા નૈતિકતા અને ગુણવત્તામાં માને છે. લાંબા સમય બાદ થયેલી આ પારદર્શી ભરતીથી લાયક ઉમેદવારોને તક મળી છે. નવા સ્ટાફની નિમણૂકથી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીલક્ષી કામગીરીમાં વેગ આવશે અને ડિજિટલાઈઝેશન તેમજ વહીવટી ચોકસાઈમાં વધારો થશે. નવનિયુક્ત કર્મચારીઓને કાર્યપ્રણાલીથી વાકેફ કરવા માટે આગામી દિવસોમાં ઓરિએન્ટેશન ટ્રેનિંગ પણ આપવામાં આવશે.

## નડિયાદમાં IPL પર સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

**મોબાઈલ આઈડી દ્વારા** ચાલતું ઓનલાઈન સટ્ટાનું નેટવર્ક પકડાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.11

નડિયાદ શહેરના ચંપા તલાવડી વિસ્તારમાં IPLની મેચો પર ઓનલાઈન સટ્ટો રમાડતા એક શખ્સને ખેડા એલસીબી પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને ઝડપી પાડ્યો છે.

ખેડા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ચંપા તલાવડી પાસે જાહેર રોડ પર એક શખ્સ મોબાઈલ પર સટ્ટો રમાડી રહ્યો છે. પોલીસે પંચો સાથે દરોડો પાડતા ઉમેશ મુકેશભાઈ ઠાકોર નામનો શખ્સ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસને જોઈ તેણે વિગતો ભૂંસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પોલીસે તેને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

પ્રાથમિક તપાસ દરમિયાન ઉમેશના મોબાઈલમાં 'Bbumesh3' નામની લોગિન આઈડીથી ઓનલાઈન બેટિંગની વેબસાઈટ ખુલ્લી મળી હતી. તેના એકાઉન્ટ સ્ટેટમેન્ટ ચેક કરતા દિલ્હી કેપિટલ્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ, સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ જેવી ટીમોની મેચોમાં મોટા પાયે સોદા થયાના પુરાવા મળ્યા છે.

આ અંગે પકડાયેલા શખ્સે કબૂલાત કરી હતી કે તેને આ આઈડી હિતેશ દિનેશભાઈ મારવાડી નામના શખ્સે પૂરી પાડી હતી. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. પાંચ હજારની કિંમતનો મોબાઈલ ફોન જપ્ત કરી ઉમેશ ઠાકોર અને હિતેશ મારવાડી વિરુદ્ધ નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે ગુનો દાખલ કર્યો છે.

### દાંડીમાર્ગની કાયાપલટ: 18 કરોડના ખર્ચે 'આઈકોનિક રોડ' તૈયાર



નડિયાદમાં કેનાલથી ડી-માર્ટ સુધીના દાંડીમાર્ગને આઈકોનિક રોડ તરીકે વિકસાવવાની કામગીરી હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. કુલ 18 કરોડના ખર્ચે બની રહેલા આ માર્ગ પર હાલમાં ટોપ સરફેસિંગ અને પેવિંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આધુનિક એન્જિનિયરિંગ માપદંડો મુજબ નિર્મિત આ રોડ પર વાહનચાલકોને ઘર્ષણમુક્ત અને ટકાઉ સપાટીનો અનુભવ મળશે. ભવિષ્યમાં ખોદકામ ન કરવું પડે તે માટે ડ્રેનેજ અને વાયરિંગ જેવી પાયાની સુવિધાઓ રસ્તાના નિર્માણ સાથે જ પૂર્ણ કરાઈ છે. આ રસ્તાની બંને બાજુ સુશોભિત લાઈટીંગ, ગ્રીન બેલ્ટ અને પેડેસ્ટ્રિયન વોકવે જેવી આકર્ષક સુવિધાઓ શહેરની સુંદરતામાં વધારો કરશે. વહીવટી તંત્રના આયોજન મુજબ, આગામી બે માસમાં સુવિધાયુક્ત માર્ગ નગરજનો માટે ખુલ્લો મૂકવામાં આવશે.

## ખાનપુરના અંતરિયાળ વિસ્તારમાં 108ની ટીમે એમ્બ્યુલન્સમાં જ પ્રસુતિ કરાવી

**સગર્ભાની જટિલ** પરિસ્થિતિમાં 108ની ટીમે હોસ્પિટલ પહોંચતા પહેલા જ સફળ પ્રસુતિ કરાવી

(પ્રતિનિધિ) ખાનપુર તા.11

ગુજરાત સરકારની 108 ઈમરજન્સી સેવા ખરા અર્થમાં સંજીવની સાબિત થઈ રહી છે. ખાનપુર તાલુકાના વડાગામ 108ની ટીમે પોતાની નિષ્ઠા અને તાલીમના જોરે એક સગર્ભા મહિલાની જટિલ પરિસ્થિતિમાં ઘટના સ્થળે જ સફળ પ્રસુતિ કરાવી માતા અને નવજાત શિશુનો જીવ બચાવ્યો છે.

રાજ્ય સરકારના માતા અને બાળ મૃત્યુદર ઘટાડવાના સંકલ્પને વડાગામ 108ની ટીમે સાકાર કર્યો છે. આ ઘટનાની વિગત એવી છે કે, 8મી મેના રોજ સવારે ખાનપુર તાલુકાના ચમેડાના મુવાડા ભગત ફળિયા વિસ્તારમાં એક સગર્ભા મહિલાને અચાનક અસહ્ય પીડા ઉપડી હતી. પરિવારની જાણકારી બાદ ગણતરીની મિનિટોમાં જ 108ની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. સમયસૂચકતા અને સાહસિક નિર્ણય સ્થળ પર પહોંચીને ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન (ઈએમટી) સુરેશ પંચાલ અને પાયલોટ રાજેશભાઈએ જોયું કે પરિસ્થિતિ અત્યંત ગંભીર હતી અને હોસ્પિટલ પહોંચવામાં વિલંબ થઈ શકે તેમ હતો.

આ કપરી ક્ષણે ટીમે સાહસિક નિર્ણય લઈ સ્થળ પર જ પ્રસુતિ કરાવવાનું નક્કી કર્યું હતું. ટીમે ઈમર્જન્સી રિસ્પોન્સ સેન્ટરના ડોક્ટર પરમાર સાથે ટેલિફોનિક સંપર્ક સાધ્યો હતો. ડોક્ટરના સચોટ માર્ગદર્શન અને મળેલી સઘન તાલીમનો ઉપયોગ કરી ટીમે સુરક્ષિત રીતે પ્રસુતિ કરાવી હતી, જેમાં માતાએ એક સ્વસ્થ પુત્રને જન્મ આપ્યો હતો.

આ સફળ પ્રસુતિ બાદ માતા અને બાળક બંનેને વધુ સારવાર માટે લુણાવાડાની જનરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. 108ની આ પ્રશંસનીય કામગીરી જોઈને પરિવારજનો ભાવવિભોર થઈ ગયા હતા અને સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ ઘટનાએ ફરી એકવાર




સાબિત કર્યું છે કે 108 સેવા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે આશીર્વાદ સમાન છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225